# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા "કિચન ગાર્ડન" વિષય પર ઓનલાઇન તાલીમ યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૨૫/૦૬/૨૦૨૧, શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે "કિચન ગાર્ડન" વિષય પર ગૂગલ મીટ ના માધ્યમથી વર્ચ્યુઅલ તાલીમ યોજાઇ જેમાં સોજીત્રા, બોરસદ, ખંભાત, તારાપુર તાલુકાના આઇ.સી.ડી.એસ. વિભાગના આંગણવાડીના બહેનો તેમજ આણંદ જિલ્લાના ખેડુત બહેનો એ ભાગ લીધો હતો. મુખ્ય વક્તા તરીકે ડૉ. અમીતા બી. પરમાર, મદદનીશ પ્રાધ્યાપક, બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ સદર કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. એ. સી. વૈદ્ય, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા સર્વેનુ સ્વાગત પ્રવચન તેમજ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં કિચન ગાર્ડનના ફાયદાઓ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ ડૉ. અમીતા બી. પરમાર દ્વારા કિચન ગાર્ડન વિશે માહિતી આપવામં આવી હતી જેમાં શાકભાજી પાકોની ખેતી પધ્ધતિ, કિચન ગાર્ડન માટે જગ્યાની પસંદગી, ઋતુ પ્રમાણે શાકભાજીની પસંદગી, સેન્દ્રિય તેમજ વર્મીકમ્પોસ્ટ ખાતરનો યોગ્ય ઉપયોગ, ટેરેસ ગાર્ડન, હાઈડ્રોપોનિક્સ પધ્ધતિ તેમજ કિચન ગાર્ડનમાં કરી શકાય તેવા ફળ, ફુલ અને ઔષધિય પાકો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી હતી. ત્યારબાદ શ્રીમતિ એ. એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન), કેવિકે, દેવાતજ એ બહેનોને ફળ તથા શાકભાજીની માનવ પોષણમાં અગત્યતા વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ત્યારબાદ કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી, ડૉ. આર. એમ. પટેલ દ્વારા શાકભાજી તથા ફળ પાકોમાં રોગ જીવાતોના નિવારણ કરવાની વિવિધ જૈવિક પધ્ધતિઓ બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરી હતી.

તાલીમના અંતે કેન્દ્રના પશુપાલન વૈજ્ઞાનિકશ્રી, ડૉ. એસ. બી. કાટોલે દ્વારા કિચન ગાર્ડનમાં છાણીયા ખાતર તેમજ ગાયના મુત્રના ઉપયોગની અગત્યતા વિશે જણાવ્યુ. ત્યારબાદ સર્વે બહેનોનો કાર્યક્રમમાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરવામાં આવી. ઉપરોક્ત કાર્યક્રમમાં કુલ ૧૬૩ બહેનોએ ભાગ લીધેલ. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન શ્રીમતિ એ. એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) દ્વારા કરવામાં આવેલ.


Dr. Amita Parmar is presenting
શાકભાજીની વિશિષ્ટ લાક્ષણિક્તાઓ
Dr. Amita Parmar
88 others
You
Gita Ben has left the meeting
11:05 AM | Training on Kichen Garden


Dr. Amita Parmar is presenting
કિચન ગાર્ડનીંગ
Dr. Amita Parmar
81 others
You
10:58 AM | Training on Kichen Garden

